# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ રાજ્યનાં પ્રવાસે.
2. મહેસાણામાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો આરંભ કરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, તે પ્રાદેશિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરૂ પાડશે
3. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, દેશમાં ઑગસ્ટ 2027 સુધીમાં બૂલેટ ટ્રેન શરૂ કરવાનો લક્ષ્યાંક
4. કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોષીએ કહ્યું, દેશમાં ઉત્પન્ન થતી પુનઃપ્રાપ્ય ઊર્જામાંથી ત્રીજા ભાગની ઊર્જા માત્ર ગુજરાત ઉત્પન્ન કરે છે.
5. વડોદરાના ખેલાડી પાર્થ શાહે રાજ્યકક્ષાની સ્નૂકર સ્પર્ધાનો ખિતાબ જીત્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PREZ MURMU RAJKOT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ રાજ્યનાં પ્રવાસે છે. આજે રાજકોટમાં રાત્રિ રોકાણ કર્યાં બાદ આવતીકાલે સુશ્રી મુર્મૂ સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

શનિવારે 11 તારીખે સુશ્રી મુર્મૂ દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71-મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

-------------

# VIBRANT GUJ REGIONAL

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણામાં સૌપ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વૈશ્વિક પડકાર વચ્ચે વિકસિત ભારતના નિર્માણ પર ભાર આપ્યો. તેમણે કહ્યું, ગત 11 વર્ષમાં રાજ્યમાં સેમિ-કન્ડક્ટર અને ઇલેક્ટ્રૉનિક્સ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં બે હજાર 764 કિલોમીટર નવી રેલવેલાઈનનું નિર્માણ કરાયું છે. દેશની પહેલી બૂલેટ ટ્રૅન ઑગસ્ટ 2027 સુધી શરૂ થવાની સંભાવના હોવાનું પણ શ્રી વૈષ્ણવે ઉમેર્યું.**

**(BYTE: ASHWINI VAHSINAW, RAILWAY MINISTER)**

**સેમિ-કન્ડક્ટર માળખાને મજબૂત કરવા 30 જાપાની રાસાયણિક અને ગૅસ કંપની ટૂંક સમયમાં રાજ્યમાં પોતાના એકમ સ્થાપિત કરશે, તેમ જણાવી**

શ્રી વૈષ્ણવે ઉદ્યોગ જગતને રાજ્યમાં ઝડપથી ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં રોકાણ કરવા આમંત્રિત કર્યા.

આ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યમાં ગત 24 વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત રોકાણ સંમેલનના માધ્યમથી 68 અબજ 90 કરોડ ડૉલરનું રોકાણ આવ્યું છે. ગુજરાત હાલમાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં 18 ટકા અને દેશની નિકાસમાં 27 ટકાનું યોગદાન આપી રહ્યું છે. આ પરિષદથી સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ મળી રહેશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

ઉત્તર ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને રોજગારની તકને પ્રોત્સાહન આપવાના હેતુસર યોજાયેલી પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં રાજ્ય સરકાર અન વિવિધ ઉદ્યોગ વચ્ચે અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા.

-------------

# VGRC PRAHLAD JOSHI

કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોષીએ કહ્યું, દેશમાં ઉત્પન્ન થતી પુનઃપ્રાપ્ય ઊર્જામાંથી ત્રીજા ભાગની ઊર્જા માત્ર ગુજરાત ઉત્પન્ન કરે છે. મહેસાણામાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં ઊર્જા આત્મનિર્ભરતા અંગેના પરિસંવાદ અને પુરસ્કાર સમારોહને આજે સંબોધતા શ્રી જોષીએ કહ્યું, પ્રધાનમંત્રી કુસુમ અને પ્રધાનમંત્રી સૂર્યઘર જેવી પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રની યોજનાઓના અમલીકરણ અંગે પણ ગુજરાત સૌથી આગળ રહ્યું છે.

તેમણે સોલાર ગામ મોઢેરાનો ઉલ્લેખ કરતા કહ્યું, ભારતે વર્ષ 2030 સુધીમાં 100 ગીગા વૉટ પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે, પરંતુ તે સમય પહેલાં જ પૂર્ણ થઈ શકે છે.

**(BYTE: PRALHAD JOSHI, UNION MINISTER)**

આ પ્રસંગે ઊર્જા ક્ષેત્રના 22 જેટલા સમજૂતી કરાર થયા હતા.

-------------

# VGRC TRADE SHOW

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે મહેસાણામાં શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ટ્રેડ શૉ અને પ્રદર્શનનું ઉદ્ઘાટન કરાયું. તેમાં વિવિધ ક્ષેત્રની અત્યાધુનિક નવિનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલૉજીનું પ્રદર્શન જોવા મળશે.

ટ્રેડ શૉ અને પ્રદર્શન થકી આર્થિક વિકાસના સંકલ્પના આગળ વધારવા નવીનતા, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, સ્ટાર્ટ-અપ્સ, વિદેશી ખરીદદારો અને સકારી વિભાગોને એકસાથે લાવવાનો પ્રયાસ છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------

# ASHWINI VAISHNAW RAILWAY VISIT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે મહેસાણામાં વડનગર રેલવેમથક પર કેફેટેરિયા અને અન્ય સુવિધાઓની ચકાસણી કરી. તેમણે રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

આ પહેલા સવારે શ્રી વૈષ્ણવે અમદાવાદમાં સાબરમતી રેલવેમથક ખાતે પુનર્વિકાસ કાર્યો તેમજ રેલવે મથકના મૉડેલનું અવલોકન પણ કર્યું.

-------------

# MEDIATION CENTRE IN STATE

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઑગસ્ટિન જ્યોર્જ મસીહે રાજ્યના વિવિધ 73 તાલુકામાં નવા મધ્યસ્થીકરણ કેન્દ્રનું વર્ચ્યૂઅલ લોકાર્પણ કર્યું. આ પહેલથી ગ્રામ્ય અને અર્ધ-શહેરી વિસ્તારના લોકોને ન્યાય મેળવવા જિલ્લા કેન્દ્ર સુધી જવું નહીં પડે.

આ પ્રસંગે ન્યાયમૂર્તિ શ્રી મસીહે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ – GSLSA દ્વારા લેવાયેલા આ દૂરંદેશી પગલાંની પ્રશંસા કરી. તેમજ યુવાન વકીલો, પેરા-લિગલ્સ અને પૅનલ ઍડવોકેટ્સને મધ્યસ્થીકરણ અંગે જાગૃતિ લાવવા અને તે કામમાં જોડાવવા તેમણે અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં નવા 73 મધ્યસ્થીકરણ કેન્દ્રના લોકાર્પણ સાથે તેની સંખ્યા હવે 123 થઈ છે.

-------------

# BHAVNAGAR NAKLI MAVO

ભાવનગર જિલ્લામાંથી SOGની ટીમ અને ખાદ્ય વિભાગે સંયુક્ત દરોડા પાડી એક હજાર 185 કિલો બનાવટી ખાદ્ય પદાર્થનો નાશ કર્યો છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, સિહોર તાલુકાના આંબલા ગામમાં બનાવટી ખાદ્ય પદાર્થ બનાવતા કારખાનામાંથી આ જથ્થો મળી આવ્યો હતો. સાથે જ કારખાનાના માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# VIKAS SAPTAH-DISTRICT

રાજ્યભરમાં "વિકાસ સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. તે અંતર્ગત દરેક જિલ્લામાં એક 'વિકાસ રથ' દોડી રહ્યો છે. તેના માધ્યમથી પ્રથમ બે દિવસમાં જ 130 કરોડ રૂપિયાથી વધુના 2 હજાર 600 જેટલા કામના ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયા. તેમજ વિવિધ યોજનાના 11 હજાર 400થી વધુ લાભાર્થીઓને 8 કરોડ 38 લાખ રૂપિયાની સહાયનું વિતરણ કરાયું. વિકાસ રથમાં અત્યાર સુધી 41 હજારથી વધુ નાગરિકોએ "ભારત વિકાસ શપથ" લીધા છે.

સાબરકાંઠાના હિંમતનગરના ગાંભોઇ ખાતે વિકાસ રથના માધ્યમથી ગ્રામજનોને લઘુ ફિલ્મ થકી વિવિધ યોજનાની માહિતી અપાઈ.

તાપીમાં આંગણવાડી કેન્દ્રો દ્વારા વાનગી સ્પર્ધા અને સ્વાસ્થ્યપ્રદ આહાર નિદર્શનનું યોજાયું.

છોટાઉદેપુરમાં કલેક્ટર કચેરીથી પેટ્રોલ પંપ ચોકડી સુધી પદયાત્રા યોજાઈ. તેમજ વિકસિત ભારત સામૂહિક પ્રતિજ્ઞા કાર્યક્રમ પણ યોજાયો.

ડાંગમાં ધારાસભ્ય વિજય પટેલે સાકરપાતળની પ્રાથમિક શાળાથી વિકાસ રથનું પ્રસ્થાન કરાવી લોકોને સ્વદેશી અને આત્મનિર્ભર ભારત અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

ભાવનગરના તળાજાના સરતાનપર ગામે વિકાસ રથનું સ્વાગત કરાયું. સુરેન્દ્રનગરમાં આવતીકાલે ચોટીલા તાલુકાના પંદર મુખ્ય ગામમાં વિકાસ રથ પરિભ્રમણ કરશે. બનાસકાંઠાના પાલનપુરમાં સંકલિત બાળ વિકાસ યોજના -

ICDS વિભાગે પોષણ દિવસ ઉજવી લાભાર્થીઓને પોષણમૂલ્ય અને આરોગ્ય લાભ અંગે માહિતી આપી.

---------

# World post day

અમદાવાદમાં ટપાલ વિભાગની પ્રાદેશિક કચેરીમાં વિશ્વ ટપાલ દિવસ નિમિત્તે ઉજવણી કરવામાં આવી. ગુજરાત સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકરે "ભારતીય ટપાલ છેવાડાના લોકો સુધી નાણાકીય સશક્તિકરણ" પર ખાસ આવરણનું વિમોચન કર્યું. તેમણે જણાવ્યું કે, ટપાલ વિભાગ વૈશ્વિક સ્તરે પણ પોતાની મહત્વની ભૂમિકા નિભાવી રહ્યું છે.

(બાઈટ - ગણેશ વી. સાવલેશ્વરકર, પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત)

-------------

# VADODARA PLAYER CHAMPION

વડોદરાના ખેલાડી પાર્થ નીતિન શાહે ટૅબલ પર રમાતી રમત એટલે કે સ્નૂકરની સ્પર્ધાનો ખિતાબ જીત્યો છે. સત્તાવાર યાદી મુજબ, સુરતમાં પાંચ અને છ ઑક્ટોબરે યોજાયેલી જૂનિયર સ્નૂકર ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશીપમાં તેમણે આ સિદ્ધિ મેળવી છે. રાજ્યના વિવિધ શહેરમાંથી કુલ 16 ખેલાડીએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 19 વર્ષના પાર્થ શાહે

શરૂઆતથી ઉત્તમ પ્રદર્શન કરી ફાઈનલમાં જગ્યા બનાવી અને ખિતાબ જીતી લીધો.

વર્ષ 2019થી સ્નૂકર રમવાનું શરૂ કરનારા પાર્થ શાહ હાલ સબ-જૂનિયર રાષ્ટ્રીય ક્રમાંકમાં ભારતના ત્રીજા ક્રમાંકના ખેલાડી છે. તેઓ આંતર-રાષ્ટ્રીય સ્તરે વિશ્વ સ્નૂકર સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ પણ કરે છે.

-------------

# CRICKET WOMEN WORLD CUP

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C. મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મૅચ રમાઈ રહી છે. વિશાખાપટ્ટનમમાં બપોરથી શરૂ થયેલી મૅચમાં દક્ષિણ આફ્રિકાએ ટૉસ જીતીને પહેલાં બૉલિંગ પસંદ કરી છે.

સુકાની હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતની ટીમે અત્યાર સુધીમાં 49 ઑવરમાં 8 વિકેટ ગુમાવી 241 રન બનાવ્યાં છે. હાલમાં મળતાં અહેવાલ રીચા ઘોષે સૌથી વધારે અણનમ 84 રન બનાવ્યા છે.

-------------

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાક બાદ વાતાવરણ સુકું થશે. ત્યારબાદ ચોમાસાના વિદાયની ગતિવિધિ શરૂ થવા વાતાવરણ સાનુકૂળ રહેશે. બીજી તરફ, આ મહિને સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાય રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઓછું રહેવાની સંભાવના હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

-------------